સરકારી નોકરી માટે તૈયારીઓ કરતા યુવાનો માટે નિઃશુલ્ક કલાસીસ

@ગાંધીનગર

● વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા શનિવારના રોજ બપોરે ૨ કલાકે રામકથા મેદાન સુમનટાવરની પાછળ, સે-૧૧ ખાતે સમુહ લગ્નોત્સવનો કાર્યક્રમ યોજાશે.

● સેકટર-૩-ન્યુ નવરાત્રી ચોક ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન કથાકાર પ્રવીણભાઈ પંડયાની વ્યાસપીઠે શ્રીમદ ભાગવત કથા યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા શિવરાત્રી મહોત્સવ નિમિત્તે તા. ૫ થી ૭ માર્ચ સુધી બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન અંબાજી મંદિર શોપીંગ સેન્ટર સામે સેકટર-૨૮ ખાતે શિવ સત્સંગ, માતાજી પ્રાગટય અને શિવ વિવાહ જેવા પ્રસંગો યોજાશે.

● લીટલ એન્જલ્સ સ્કૂલ ગાંધીનગર દ્વારા શનિવારના રોજ સવારે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવ યોજાશે.

● શાંતિ જુનિયર સ્કુલ દ્વારા બપોરે ૨.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવનો કાર્યક્રમ યોજાશે.

● સ્કૂલ ઓફ એચિવર કુડાસણ ખાતે સાંજે ૬.૪૫ કલાકે જાણીતા ગુજરાતી-હિન્દી ગીતોનો કાર્યક્રમ 'સંબંધોનું સરોવર' યોજાશે.

શહેરની બીબીએ કોલેજનો રાજયમાં ડંકો

પેટલાદ ખાતે યોજાયેલ રાજયકક્ષાના વિદ્યાર્થી સેમિનારમાં બીબીએ કોલેજની ૪ ટીમોએ સુવર્ણચંદ્રક મેળવ્યો : રાજયની ૯ યુનિવર્સિટીની ૨૦ કોલેજના ૩૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો

ગાંધીનગર, તા.૪

પેટલાદ ખાતેની એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ખાતે તાજેતરમાં એક દિવસીય રાજયકક્ષાનો આંતરકોલેજ વિદ્યાર્થી સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં રાજયભરમાંથી ૯ યુનિવર્સિટીની ૨૦ કોલેજના ૩૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગરની બીબીએ કોલેજની ૪ ટીમોએ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી કડી સર્વ વિદ્યાલય સંકુલ સહિત સમગ્ર શહેરનું નામ રોશન કર્યું છે.

જ્ઞાનની વધતી જતી સીમાઓ અને શિક્ષણની સતત વિસ્તરતી ક્ષિતિજો વચ્ચે અધ્યાપકની સાથે સાથે વિદ્યાર્થી પણ સંશોધનની દિશામાં આગે કદમ ભરી દુનિયાના બદલાતા જતા પ્રવાહ સાથે તાલ મિલાવી પોતાનો સર્વાંગી વિકાસ સાધે તેવા હેતુથી પેટલાદની ઈપ્કોવાલા કોલેજ ઓફ કોમર્સ ખાતે તા. ૨જી માર્ચના રોજ રાજયકક્ષાના એક દિવસીય વિદ્યાર્થી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ગુજરાતની ૯ યુનિવર્સિટીની ૨૦ કોલજોની ટીમોએ ભાગ લીધો હતો. તમામ ટીમોના મળીને કુલ ૩૫૦ સ્પર્ધકો આ સેમિનારમાં જોડાયા હતા. ગાંધીનગરના સે-૨ ઉના કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલની બી.પી. કોલેજ ઓફ બીબીએમાંથી પણ ૧૭ ટીમોએ ભાગ લીધો હતો. જે અંતર્ગત કુલ ૮૯ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં જોડાયા હતા. આ સેમિનારમાં બીબીએ કોલેજની ૪ ટીમોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા કુલ ૪ ગોલ્ડમેડલ પ્રાપ્ત કરી ગાંધીનગરનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીઓના અત્યંત પ્રભાવશાળી પ્રદર્શનના કારણે સમગ્ર સંકુલમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે.

વિદ્યાર્થી સેમિનારમાં સ્પર્ધક ટીમોએ જુદા જુદા વિષયો જેવા કે અંગ્રેજી, કોમ્પ્યુટર, ઈકોનોમિકસ, ટેક્ષેશન, ફાયનાન્શિયલ મેનેજમેન્ટ, પ્રોડકશન મેનેજમેન્ટ, સ્ટેટેસ્ટિકસ, એકાઉન્ટન્સી એન્ડ ઓડીટીંગ, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ તથા માર્કેટીંગ મેનેજમેન્ટ વગેરે અંતર્ગત આવરી લેવાયેલા વિવિધ ટોપિક પર સંશોધનપત્ર રજૂ કરવાના હતા. બીબીએ કોલેજની વિજેતા ટીમોએ રજૂ કરેલા સંશોધનપત્રોમાં નેહા પ્રણામી, કાજલ પરમાર, રાહુલ પરમાર, વિરલ રાણા, આરાધના રાણા તથા મેહુલ પ્રજાપતિની ટીમે સ્ટડી ઓન પર્સેપ્શન ટુવાર્ડસ ડીસીબી બેંક સર્વિસીઝ વિષયે, યશસ્વી પઢિયાર, અર્ચના પટેલ, ખુશ્બુ રાજાઈ, સંતોષ સોલંકી, ગબ્બરસિંહ રાઠોડ, સંજય રાઠોડ, રોશની સથવારા તથા ચિંતન લાડાણીની ટીમે 'ડિટરમાઈનીંગ ધ ઈફેકટીવીનેસ ઓફ ઈન્વેસ્ટર બિહેવિયર' વિષયે સંશોધન પત્ર રજુ કર્યા હતા. આ ઉપરાંત દૃષ્ટિ વ્યાસ, રંજન પ્રજાપતિ, પૂનમ પટેલ, વિભા વણકર, હિરેન સુથાર તથા રોશની પરમારની ટીમે 'ડિટરમાઈનીંગ ફેકટર્સ ઈન્ફલ્યુસિંગ ઈન્વેસ્ટર્સ ઈન્વેસ્ટમેન્ટ ડિસીઝન' અને અશ્વિન વાઘેલા, સાહિલ પટેલ, વિરેન્દ્રસિંહ વાઘેલા, ઝંખના વિંઝુડા, કિંજલ સુધા તથા સુભાષ ઝાલાની ટીમે 'અ સ્ટડી ઓન અવેરનેસ એન્ડ પર્સેપ્શન એબાઉટ મેઈક ઈન ઈન્ડિયા' વિષયે સંશોધન પત્ર રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ આચાર્ય રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શનમાં ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ હેડ ડૉ. જયેશ તન્ના અને પ્રા. ધર્મેન્દ્ર રાઠોડની મહેનતથી આ સંશોધન પત્રો તૈયાર કર્યા હતા.

'વિદ્યાર્થીઓએ તેમનામાં રહેલા આગવા કૌશલ્યનું પ્રદર્શન કર્યું છે. બીબીએ કોલેજ હંમેશા વિદ્યાર્થીઓમાં રહેલી ક્ષમતાને ઓળખી તેમની જરૂરિયાત મુજબનું વાતાવરણ અને પ્લેટફોર્મ પુરું પાડે છે. જેથી તેમની સ્કીલ વધુ સારી રીતે નિખરી શકે. આ સ્પર્ધામાં બીબીએ કોલેજના ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન.'

- ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, આચાર્ય

'શોધ-સંશોધન કૌશલ્ય વિદ્યાર્થીઓમાં વિકસશે તો તેઓ કોર્પોરેટ જગત સાથે તાલ મિલાવી શકશે. કોર્પોરેટ જગતમાં એનાલિટીકલ સ્કીલનું ખૂબ મહત્વ હોય છે. જેમાં શોધ સંશોધન પ્રવૃત્તિ મહત્વની અને ખુબ ઉપયોગી નિવડે છે. વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ તેઓ અભિનંદનના અધિકારી છે.'

- ડૉ. જયેશ તન્ના, હેડ-ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ

વાતવાતમાં

● કડી સર્વ વિદ્યાલય સંકુલમાં વિશ્વ મહિલા દિવસ અંતર્ગત વિશિષ્ટ ઉજવણી કરાઈ હતી.આ કાર્યક્રમમાં સંકુલના ૪૭ કર્મચારીઓ જેમને સંતાનમાં એક માત્ર દિકરી હોય તેમનું તથા ૧૫૦ વિદ્યાર્થીનીઓના તેવા જ વાલીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

● આ રવિવારે ઘ-૪ સર્કલે યોજાનાર પુસ્તક પરબનો કાર્યક્રમ વિશિષ્ટ બની રહેનાર છે. આ કાર્યક્રમમાં ૯૪.૩ માય એફએમ રેડિયોના આર.જે. આરતી તેમના મ્યુઝિક બેન્ડ સાથે ઉપસ્થિત રહેશે.

● વિશ્વ મહિલા દિવસે કડી સર્વવિશ્વ વિદ્યાલય સંકુલમાં પ્રારંભ થનાર 'મહિલા ઉદ્યોગ સાહસિકતા સેલ' સાથે તેની વેબસાઈટનું લોન્ચિંગ પણ કરાશે. આ વેબસાઈટમાં લાભાર્થી મહિલાઓના સંઘર્ષ અને સફળતાની કહાની આવરી લેવાશે.

● ગાંધીનગરનું અંતિમધામ 'મુકિતધામ' માત્ર સ્મશાન જ ના બની રહેતા એક ફરવાલાયક રમણીય સ્થળ બની ચુકયું છે. જુસિકા સંચાલિત મુકિતધામ ખાતે આશરે રૂ. ૨૦હજારના ખર્ચે એક કલાત્મક ચબુતરો મુકવામાં આવ્યો છે. જેના કારણે તેની સુંદરતામાં વધારો થવા ઉપરાંત પંખીઓ માટે ચણ ચણવામાં સહુલિયત પ્રાપ્ત થઈ રહી છે.

● વાવોલ ખાતે યોજાયેલા એક લગ્ન સમારંભમાં ચોરી ના ચારે ખૂણે ફૂલો દ્વારા આશરે ૧૨ થી ૧૫ ફુટ ઉંચા આર્ષક મોર બનાવાયા હતા. આશરે રૂ. ૨૫ હજારના ખર્ચે એક મોર તૈયાર થયો હોવાનું જાણવા મળ્યું છે.

આજે ગાયત્રી મંદિરે 'વરેણ્યમ્'નું પ્રવચન

ગાંધીનગર, તા.૪

'વરેણ્યમ્' ગાંધીનગર આયોજિત પ્રવચનમાં પાંચમો મણકો તા. ૫મી માર્ચના રોજ સાંજે સાડા પાંચ વાગે ગાયત્રી મંદિર સેકટર-૧માં અમેરિકા સ્થિત હોલીસ્ટીક હીલર શ્રી નટુભાઈ પટેલ 'માન્યતાઓ શ્રધ્ધા અને અનુભૂતિ વચ્ચેની ભેદરેખાઓ' વિષે વકતવ્ય આપશે. જિજ્ઞાસુઓને હાજર રહેવા જણાવાયું છે.

શહેર પેન્શનર્સ સમાજની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આગામી તા. ૧ ઉમી માર્ચને રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે સેકટર-૬ સરકારી પ્રાથમિક શાળા સંકુલ ખાતે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં સમાજને લગતા વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ સભામાં સંસ્થા પરિવારના તમામ સભ્યોને હાજર રહેવા મહામંત્રી હસમુખરાય સોનીએ અનુરોધ કર્યો છે.

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત

સરકારી નોકરી માટે તૈયારીઓ કરતા યુવાનો માટે નિઃશુલ્ક કલાસીસ

નિષ્ણાંત વિષય તજજ્ઞો ૨૫૦થી વધુ યુવાનોને પરીક્ષાલક્ષી તાલીમ આપશે : કલાસીસનું રાજયના પોલીસવડાએ ઉદઘાટન કર્યું

ગાંધીનગર, તા.૪

રાજયના પોલીસ વડા દ્વારા આજે સાંજે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે ટ્રેનીંગ સેન્ટરમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત નિઃશુલ્ક કલાસીસનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. શહેરના જરૂરીયાત મંદ યુવાનો જે સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરી રહ્યા છે તેમને વિષય નિષ્ણાંતો મારફતે પરીક્ષાલક્ષી તૈયારીઓ કરાવવામાં આવશે.

તાજેતરમાં યોજાયેલી ડીજી કોન્ફરન્સમાં પ્રધાનમંત્રીએ મુકેલા એક વિચારને સાર્થક કરવા રાજયના પોલીસ વડા પ.સી. ઠાકુરે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ગાંધીનગરમાં 'સંધ્યાકાલીન સામાજીક સમરસતા અને સદભાવના તાલીમ શિબિર'નો પ્રારંભ કર્યો છે. પર્સનાલીટી ડેવલપમેન્ટ તથા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના કલાસ લેવા માટે આ કલાસીસમાં સ્પીપામાં કવોલીફાય થયેલા તજજ્ઞો આવશે. ગાંધીનગરની ચૌધરી શાળા અને આદર્શ નિવાસી શાળાના ધો-૮, ૯ ને ૧૧માં અભ્યાસ કરતા ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને તાલીમ પુરી પાડવામાં આવશે. કલાસીસનું ઉદઘાટન ડીજીપી પી.સી. ઠાકુરના હસ્તે થયું હતું. જેમાં એડીજીપી, રેન્જ આઈજીપી અને ગાંધીનગર એસ.પી. પણ ઉપસ્થિત રહ્યા હતાં.

નગરના મુખ્યમાર્ગો પર બેફામ ગતિએ ચાલતા વાહનો અને ગમે ત્યાં રખડતા ઢોરોને નાથવાના પ્રયાસોની નિષ્ફળતા દર્શાવતી ઘટના આજે સવારે ૧૧.૩૦ સુમારે બનવા પામી હતી. મુખ્ય માર્ગ ઘ-રોડ પર કલેકટર કચેરી સામે એક વાછરડું રસ્તો પસાર કરવા જતું હતું તેવામાં એક વાહનચાલકે જોરદાર ટકકર મારતાં વાછરડાંએ ત્યાં જ જીવ ગુમાવ્યો હતો. થોડીક જ વારમાં કોર્પોરેશન સ્ટાફે આવી આ મૃતક વાછરડાને રસ્તા પરથી હટાવી દીધું હતું. આ દુર્ઘટનામાં કોનો વાંક..? રખડતા ઢોરોનો..? કે તેના રખેવાળોનો? કે વાહનચાલકોનો...?

(તસવીર : કશ્યપ નિમાવત)

ડભોડા પોલીસે વોન્ટેડ બુટલેગરને ઝડપી પાડયો

ગાંધીનગર, તા.૪

રેન્જ આઈજીપીએ વોન્ટેડ આરોપીઓ પકડવા ડ્રાઈવ રાખવાના આદેશ આપ્યા છે જે અનુસંધાને ગાંધીનગર જિલ્લા પોલીસે વધુ એક વોન્ટેડ આરોપી પકડી પાડયો છે. ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એન.એન. ચૌધરી તથા તેમની ટીમે રણાસણ સર્કલ પાસેથી દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ બુટલેગર ઘનશ્યામ દૌજીરામ યાદવને પકડી પાડયો છે તેની અટકાયત કરીને દાણીલીમડા પોલીસને આરોપી સોંપી દીધો છે.

ટ્રાફિકની સમસ્યા શહેરમાં શિરદર્દ સમાન બનતી જાય છે. દરરોજ સાંજે ઓફિસ છુટવાના સમયે ઘ-૪ સર્કલ નજીક ઉદ્યોગ ભવન સંકુલના બે દરવાજા બંધ હોવાને કારણે અહીં ટ્રાફિક જામ થવાના દેશ્યો સર્જાય છે. અગાઉ બંને દરવાજા ખુલ્લા રખાતા હોવાથી તેમાં ટ્રાફિકનો ભાર વહેંચાઈ જતો હતો પરંતુ કોઈ અગમ્ય કારણોસર ઉદ્યોગભવનના અધિકારીઓ દ્વારા આ દરવાજા બંધ રાખવાના આદેશો અપાયેલા છે. આ દરવાજા પીક અવર્સમાં પુરતા ખુલ્લા રખાય તેવી ભવનના વાહન ચાલક કર્મચારીઓમાં માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરથી દ્વારકા એસ.ટી. રૂટ શરૂ કરવા માંગણી

ગાંધીનગર, તા.૪

ગુજરાતના યાત્રાધામો અંબાજી, નાસિક, શેરડી, સોમનાથ, નડિયાદ, ડાકોર, પાવાગઢ જેવા યાત્રાધામો જવા માટે ગાંધીનગરથી સીધા રૂટ ચાલે છે. પરંતુ યાત્રાધામ દ્વારકા જવા માટે કોઈ જ રૂટ નથી. ભારતનું પ્રખ્યાત યાત્રાધામ દ્વારકા જવા માટે ગાંધીનગરથી બસ સેવા નથી.

સૌરાષ્ટ્રના વતનીઓ અને વૈષ્ણવ સમાજના લોકોને ગાંધીનગરથી દ્વારકાની બસ સુવિધાનો લાભ આપવાની માગણી થયેલ છે. આ ઉપરાંત ઉદેપુર, શ્રીનાથજી, શામળાજી માટે સુવિધા છે. ગાંધીનગરથી દ્વારકા, સુંધામાતાએ જવા માટેની બસ રૂટ શરૂ કરવાની તાતી જરૂર છે.

શહેરના મોબાઈલધારકો સાવધાન...

વિદેશથી આવતા અજાણ્યા મીસકોલ ખતરો બની શકે છે

કોલબેકમાં બિભત્સ સંવાદોનું રેકોર્ડીંગ, ક્ષણભરમાં જ મોટી રકમ કપાઈ જતા ગ્રાહકોમાં ગભરાટ, ફકત બીએસએનએલ જ ઉપર મીસકોલ આવે છે, કંપની દ્વારા આવા મીસકોલના જવાબ ન આપવા મેસેજ થઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૪

અદ્યતન ટેકનોલોજીનો ભયંકર રીતે દુરપયોગ થઈ રહ્યો હોવાની હાલમાં ઘટનાઓ આકાર લઈ રહી છે. લોકોને છેતરવાની આ નવી મોડસ ઓપરેન્ડી વિદેશમાંથી ઓપરેટ થઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી બીસએનએલના ગ્રાહકો ઉપર વિદેશથી રાત્રીના સમયે અજાણ્યા નંબરથી મીસ કોલ કરાય છે. જે નંબર ઉપર કોલ બેક કરતાં જ બિભત્સ સંવાદોનું રેકોર્ડીંગ શરૂ કરી દેવાય છે અને થોડીક જ ક્ષણોમાં ગ્રાહકના બેલેન્સમાંથી મોટી રકમ કપાઈ જતી હોય છે. આવી ઘટના રાજયભરમાં અનેક ગ્રાહકો સાથે ઘટી ગઈ છે જેથી કંપની દ્વારા આવા મિસકોલનો જવાબ ન આપવા મેસેજ કરી જાણ કરાઈ છે. વિદેશથી આ રીતે લોકોના ખિસ્સા ખંખેરવાની ગેરકાનુની પ્રવૃત્તિ ઉપર લગામ લગાવવા મોબાઈલ ગ્રાહકોની માંગ ઉભી થઈ છે.

ભારત સરકાર દ્વારા સંચાલિત બીએસએનએલ પ્રોવાઈડરને જ ટાર્ગેટ બનાવી વિદેશથી મીસકોલ કરવાની આ એકદમ નવી જ છેતરવાની મોડસ ઓપરેન્ડીથી મોબાઈલ ધારકો રીતસર લુંટાઈ રહ્યા છે. વિદેશમાંથી રાત્રીના જ સમયે +૯૩૭૨૯૮૬૫૦૯૪-અફઘાનિસ્તાન તથા +૪૩૮૨૦૯૪૮૯૦૩, +૪૩૮૨૦૮૯૧૨૫૨-ઓસ્ટ્રીયાના નંબરો થકી મીસકોલ કરાય છે. મીઠી નિંદર માણતા મોબાઈલ ધારકો જરૂરિયાતને પ્રાધાન્ય આપી આ નંબર ઉપર કોલ કરતાં જ ઉત્તેજના ભર્યા બિભત્સ સંવાદો શરૂ થઈ જાય છે. મહિલા અને પુરુષ વચ્ચેના આ સંવાદો સમજવાની કોશીશમાં જ મોબાઈલ ધારકના બેલેન્સમાંથી મોટી રકમ કપાત થઈ જતી હોય છે.



ઉત્તેજના ભર્યા સંવાદોમાં ઉલજાવી વધુ રકમ ખંખેરી લેવાની આ તરકીબમાં યુવાનોને ફસાવાનો કારસો રચાઈ રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે. મહિલાઓ, વૃધ્ધો જે રાત્રીના સમયે અજાણતા જ કોલબેક કરી નાખે તેવી બુધ્ધીથી આ ષડયંત્ર ચાલી રહ્યું છે. જો કે કેટલાક લોકોએ ટ્રયુકોલર જેવી સુવિધાનો ઉપયોગ કરી નંબર કયાંના છે તેની જાણકારી મેળવી લઈ આ નંબરોને મોબાઈલમાં બ્લોક કરી નાંખ્યા છે છતાં જુદા જુદા નંબરોથી આવતા મીસકોલમાં અજાણતાં જ ભરાઈ જવાની દહેશત ગ્રાહકોમાં વર્તાઈ રહી છે. વધુમાં ફકત બીએસએનએલના જ નંબર ઉપર આવતા આવા મીસ કોલ બીએસએનએલની સાઈટ હેક કરી હોવાની શંકા ઉપજાવી રહ્યા છે. દેશના અમુલ્ય નાણાં એક યા બીજી રીતે વિદેશમાં ખેંચી જવાની આ ગેર કાયદેસર પ્રવૃત્તિથી મોબાઈલ ધારકોએ સાવધાન- રહેવાની જરૂરીયાત ઉભી થઈ છે તેમજ તંત્ર દ્વારા આવી પ્રવૃત્તિ અટકાવવા સઘન અને કડક કાર્યવાહી કરવાની તાતી જરૂર હોવાનું મોબાઈલ ધારકો જણાવી રહ્યા છે.

વસંતકુંવરબા કન્યા વિદ્યાલયનું ગૌરવ

સેકટર-૨૩ બીસીએ કોલેજમાં આઈટી ફેર તથા અકસ-૨૦૧૫માં વિવિધ સ્પર્ધામાં બા શ્રી વસંતકુવરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં કાર્ડ મેકીંગ સ્પર્ધામાં ધો-૧૨ની વિદ્યાર્થીની ઝાલા હેતલબા આર. પ્રથમ તેમજ વકતૃત્વ સ્પર્ધામાં દવે ક્રિષ્ના પી. પ્રથમ નંબરે તથા રંગોળી સ્પર્ધામાં પરમાર વિધિ દ્વિતિય સ્થાને વિજેતા બની છે. કોલેજ તરફથી તેમને મેડલ તેમજ પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે. શાળાના આચાર્ય તથા શાળા પરીવારે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

સેકટર-૨-બી ચંદ્રમૌલેશ્વર મહાદેવમાં મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે લઘુરૂદ્ર

શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ સેકટર-૨-બી અંબિકા ચોક ગાંધીનગર ખાતે મહાશિવરાત્રિ દિવસે મંદિરના પટાંગણમાં લઘુરૂદ્ર હોમાત્મક હવન સવારે સાડા નવથી યોજાશે. ધ્વજારોહણ સવારે થશે. રાત્રે ભજન તેમજ ૪ પ્રહરની પુજા રાખેલ છે તો દર્શનનો લ્હાવો લેવા જણાવેલ છે.

ચિરવિદાય

● સ્વ. જયંતિભાઈ બેચરભાઈ પટેલ, ઉ.વ. ૬૬